### માહિતી ખાતાના કર્મચારીઓની ક્રેડિટ સોસાયટીને ૨૫ વર્ષ પૂર્ણ

# રજત જયંતી વર્ષની શાનદાર ઉજવણી સ્થાપક પ્રમુખ હોદ્દેદારોને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૬

રાજ્યના માહિતી ખાતાના કર્મચારીઓની ક્રેડીટ સોસાયટીને




૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી વર્ષની ઉજવણી ગાંધીનગર ખાતે શાનદાર રીતે કરાઈ હતી. સોસાયટી દ્વારા સ્થાપક પ્રમુખ-હોદ્દેદારોને આમંત્રિત કરીને સૌનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

ગાંધીનગર ખાતે ક્રેડીટ સોસાયટીની મળેલી ૨૫મી વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીની રચનામાં જે સભ્યોએ યોગદાન આપ્યું હતું તે સૌનું શાલ ઓઢાડી સ્મૃતિભેટ આપીને અભિવાદન કરીને ખાતાના કર્મીઓ માટે કરેલ કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ક્રેડિટ સોસાયટીના પ્રમુખ મુકેશભાઈ ગોવિંદભાઈ પટેલે રાજ્યભરમાંથી ઉપસ્થિત રહેલા સભાસદોને બિરદાવતા કહ્યું કે, સરકારી કર્મચારી પોતાની નિશ્ચિત આવક ધરાવતો સામાન્ય નાગરિક છે. તે આજની મોંઘવારી અને મર્યાદિત આવક વચ્ચે સુમેળ સાધી સામાજિક અને કૌટુંબિક જવાબદારીઓ નિભાવી શકે તે માટે સોસાયટીની રચના કરીને ધિરાણ દ્વારા મદદરૂપ થવાના ભાવથી શરૂ કરાઈ હતી, એ આજે વટવૃક્ષ બની છે.

ક્રેડિટ સોસાયટીના મંત્રી જયંતીભાઈ ચૌધરી સોસાયટીની કામગીરીને બિરદાવીને કામગીરીની રૂપરેખા આપી હતી.



તેમણે કહ્યું કે, હાલ સોસાયટીનું રીઝર્વ ફંડ રૂપિયા ૨૭,૮૪,૨૯૭ લાખ સુધી પહોંચ્યું છે. જ્યારે શેરભંડોળ રૂપિયા ૨૮,૬૦,૮૦૦ લાખ અને ફરજિયાત બચત રૂપિયા ૧,૬૧,૩૪,૭૦૦ સાથે સફળતા પ્રાપ્ત કરી છે. એ આપણા સૌ સભ્યોની નિયમિત તથા પરિવાર ભાવને જ આભારી છે. તેમણે સભ્યોને ભવિષ્યમાં પણ આવો સાથ અને સહકાર આપવા અપીલ કરી હતી.

ક્રેડિટ સોસાયટીના મેનેજર અમૃતભાઈ પટેલ કે જેઓ છેલ્લા ૨૫ વર્ષથી સેવાઓ આપે છે અને તેમની પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠાના પરિણામે આજે સોસાયટી વટવૃક્ષ બની છે, તેમનું પણ મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન દિલીપ ગજ્જરે કરીને સ્થાપક પ્રમુખ-હોદ્દેદારોને આવકારીને તેમની કામગીરીને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હિરેન ભટ્ટે કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સોસાયટીના ઉપપ્રમુખ જી. એસ. ઠાકોર, ટ્રેઝરર ફોરમબેન રાઠોડ, આંતરિક ઓડીટર જે.એન. સત્યદેવ અને કારોબારી સભ્યો સર્વ પી.એચ. ચૌધરી, ડી.પી. પટેલ, ડી.એલ. સોલંકી, પી.વી. મોઢ, પી.જી. ચંડીસરા, જે.ડી. વાઘેલા, કે.કે. બેન્કર, ડી.પી. પંડ્યા, જે.એન. વાળંદે ભારે જહેમત ઉઠાવી હતી.




ગાંધીનગરમાં રવિવારની સવારે બેરફુટ રનિંગ એટલે કે ખુલ્લાં પગે પગરખા વિના દોડવાની ઈવેન્ટ યોજાઈ હતી. ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા આયોજિત આ દોડનો ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંધર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રનિંગ ઈવેન્ટમાં ૫ કિમી અને ૧૦ કિમીએ ડિસ્ટન્સમાં ઈવેન્ટ યોજાઈ હતી જેનો પ્રારંભ સે. ૧૯ જીમખાનાથી થઈ ત્યાં જ સમાપન થયુ હતુ. બંને દોડને પુરી કરનાર તમામ ફિનિશર્સને મેડલ આપી સન્માનવામાં આવ્યા હતા.

# સ્નાતક કોર્સના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પિનનું વિતરણ શરૂ

ગાંધીનગર,તા. ૬

સ્નાતક કક્ષાનાં કોર્સ બીકોમ, બીબીએ, બીસીએ અને બીએસસી સહિતની વિદ્યાશાખાની બેઠકોમાં પ્રવેશ માટે આજ સોમવારથી દરેક કોલેજમાં પિન વિતરણ પિન - માહિતી પુસ્તિકા આપવાની કાર્યવાહીનો પ્રારંભ થયો હતો. જયારે બીએસસી વિદ્યાશાખાની બેઠકો પર પ્રવેશ કાર્યવાહી અંતર્ગત બુધવારથી પિન આપવાની કાર્યવાહીનો પ્રારંભ થશે. પ્રવેશ કમિટીએ નિર્ધારિત કરેલી બેન્કની શાખા પરથી પેમેન્ટ આપવાથી વિદ્યાર્થીઓ પિન અને માર્ગદર્શક પુસ્તિકા મેળવી શકશે. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી આર્ટ્સ, કોમર્સ, લો, અમે એજ્યુકેશન સહિતની કોલેજના આચાર્યો અને તેમના પ્રતિનિધિઓની એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી.

જેમાં પ્રવેશ પ્રક્રિયાની ચર્ચા વિચારણા અંગે નિર્ણય લેવાયા બાદ સ્નાતક કક્ષાના કોર્સ માટે આજથી દરેક કોલેજોમાં પિન વિતરણ કરવાનું નક્કી કરાયું હતું. ઉપરાંત અનુસ્નાતક કક્ષાના કોર્સ માટે આજથી જે તે કોલેજ અને ભવન ઉપરાંત પી જી સેન્ટર્સ પરથી પિન વિતરણ કરવાનો પ્રાંરભ કરાયો હતો. આ વર્ષે પહેલો રાઉન્ડ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કર્યા બાદ તેના મેરિટના આધારે જ બીજા રાઉન્ડમાં જે તે કોલેજો પ્રવેશ આપે તેવું નક્કી કરાયું છે. જયારે ત્રીજા રાઉન્ડમાં અન્ય વિદ્યાર્થીઓ કે જેઓનાં ફોર્મ ભરવાનાં રહી ગયા હોય તેમને સામેલ કરશે.

# ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૭૩ પ્રોફેસરની ભરતી કરાશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે પ્રોફેસરની ભરતી પ્રક્રિયા માટે બે હજાર જેટલી અરજીઓ આવી છે. આગામી સમયમાં અરજીઓનું વેરીફિકેશન કર્યા બાદ ભરતી કરવામાં આવશે. ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૭૩ પ્રોફેસરની ભરતી કરવામાં આવનાર છે. જેમાં ૧૦ પ્રોફેસર, ૧૭ એસોસિએટ પ્રોફેસર, ૪૩ આસીસ્ટન્ટ પ્રોફેસર સહિત ૩ ટ્યુટર મળી કુલ ૭૩ પ્રોફેસરની ભરતી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં પ્રોફેસરની ઘટ હતી. તેમાં પણ તાજેતરમાં હિંમતનગર,વડનગર અને જુનાગઢ ખાતે મોકલી દેવામાં આવ્યા હતા. તે ઉપરાંત બીજા અન્ય ડોકટરની બઢતી સાથે બદલી થતા ઘટમાં વધારો થવા પામ્યો હતો. સિવિલમાં અને કોલેજમાં તબિબિ શિક્ષણ માટે ગણતરીના ડોક્ટર્સ હાજર છે. જેની સીધી અસર તબિબિ વિદ્યાર્થીઓના ભણતર ઉપર અને સિવિલની ઓપીડી આવતા દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવે છે. કેટલીક ઓપીડી માત્ર એક ડોકટરથી જ ચાલી રહી છે. જેમાં વિદ્યાર્થીઓને ભણાવે પણ તેઓ અને દર્દીની સારવાર પણ તેઓ કરે છે.

જયારે તબિબિ ઘટ પુરવા માટે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરાઈ હતી. ત્યારે હવે ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા ૭૩ નવા પ્રોફેસરની ભરતી કરવામાં આવનાર છે. જે અંગે જીએમઈઆરએસની કચેરી ખાતે ૨ હજાર જેટલી અરજીઓ આવી ગઈ છે. તમામ અરજીઓના વેરીફિકેશન બાદ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.જેમાં ૧૦ પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર ૧૭, આસીસ્ટન્ટ પ્રોફેસર ૪૩ અને ટ્યુટર-૩ સહિત કુલ ૭૩ નુ મહેકમ મેડીકલ કોલેજમાં ભરવામાં આવશે. આ મહેકમને પગલે સિવિલ અને કોલેજ તંત્રને સરળતા રહેશે.

### રાય, પારૂલ અને આર.કે અન્ય ખાનગી યુનિવર્સિટીમાં

# કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો ચલાવવા રાજ્ય સરકારે માન્યતા આપી નથી

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં આવેલ રાય, પારૂલ, આર.કે. તથા અન્ય ખાનગી યુનિવર્સિટી દ્વારા બી.એસ.સી. તથા ખાનગી યુનિવર્સિટી દ્વારા (એગ્રી). બી.ટેક, (એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ ) બી.એસ.સી.(હોર્ટી) અને કૃષિ ઈજનેરી (ડિપ્લોમા) જેવા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો ચલાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ મંજૂરી આપવામાં આવી નથી. જેની વિદ્યાર્થીઓ અને નાગરિકોએ નોંધ લેવા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર રાજ્ય સરકાર દ્વારા આ કોર્ષો ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૪ની કલમ નં. ૪(૪)ની વિરુદ્ધ હોઈ તાત્કાલિક અસરથી બંધ કરવા જણાવાયુ હતું.

વર્ષ ૨૦૧૮-૧૯માં સંબંધિત ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એસસીએ/એલપીએ દાખલ કરી દાદ માંગવામાં આવેલ હતી. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સંયુક્ત રીતે સુનાવણી કરીને આ અરજીઓ અંતર્ગત આ ત્રણેય ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમો ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ની કલમ નં. ૪ (૪)ની જોગવાઈ મુજબ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવેલ ન હોઈ અને ઉક્ત અભ્યાસક્રમો ચલાવવા બાબતે આઈ.સી.એ.આર. દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ ધારા-ધોરણોનો અમલ કરવામાં આવેલ ન હોઈ, હાઈકોર્ટ દ્વારા તા.૩૦/૧૦/૨૦૧૮ના ચૂકાદાથી ખાનગી યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોને અમાન્ય ઠરાવેલ છે.

હાઈકોર્ટના તા.૩૦/૧૦/૨૦૧૮ના ચૂકાદા વિરુદ્ધ રાય યુનિવર્સિટી, આર.કે. યુનિવર્સિટી અને પારૂલ યુનિવર્સિટી દ્વારા સુપ્રિમ કોર્ટમાં સ્પે. લીવ પીટીશનો દાખલ કરવામાં આવી છે. જે પીટીશનોની સુપ્રિમ કોર્ટ દ્વારા તા.૧૧/૦૧/૨૦૧૯ના રોજ સુનાવણી હાથ ધરીને નિકાલ કરાયો છે. આમ આ ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોને રાજ્ય સરકાર દ્વારા માન્યતા આપવામાં આવેલ નથી. જેની નાગરિકોને નોંધ લેવા જણાવાયુ છે.

# સ્ટ્રોંગરૂમનું હાલમાં દરરોજ નિરીક્ષણ કરવા પંચનો હુકમ

### મતદાન બાદથી સ્ટ્રોંગરૂમમાં સીસીટીવી, સીઆરપીએફ, એસઆરપી અને સ્થાનિક પોલીસ રાઉન્ડ ધ ક્લોક તૈનાત

ગાંધીનગર,તા. ૬

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે તા.૨૩ એપ્રિલે મતદાન યોજાઈ ગયા બાદ ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવ્યા છે પરંતુ ત્યાં સુધી



તેની સલામતી અને સુરક્ષા ચૂંટણી પંચ, વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ માટે બહુ મોટી જવાબદારી છે. જેને પગલે ચૂંટણી પંચ દ્વારા જિલ્લા કલેકટરને પણ રોજેરોજ ઈવીએમ જયાં રાખવામાં આવ્યા છે તે તમામ સ્ટ્રોંગરૂમનું નીરીક્ષણ અને ચેકીંગ કરવાના આદેશ આપ્યા છે. પરિણામે, કલેકટર અને વહીવટીતંત્ર પણ ઈવીએમની સુરક્ષાને લઈ એકદમ એલર્ટ અને સજાગ છે. આ ઈવીએમ ૨૩મી મેના રોજ ખુલશે. ઈવીએમને મતદાનમથકથી સ્ટ્રોંગરૂમ સુધી પહોંચાડવાની પ્રક્રિયા જોઈએ તો, લોકસભા ચૂંટણીમાં મતદાન પૂર્ણ થયા બાદ ટકાવારી, સંખ્યા સહિતનો સંપૂર્ણ રિપોર્ટ પ્રિસાઈડીંગ ઓફિસર તૈયાર કરે છે અને એક વોર્ડના અલગ અલગ બૂથના ઈવીએમ પ્રિસાઈડીંગ ઓફિસર ભેગા કરી તેની સંપૂર્ણ ચકાસણી કરે છે. ત્યારબાદ જે તે લોકસભાનો રિટર્નીંગઓફિસર અને રાજકીય પક્ષોના પ્રતિનિધિની હાજરીમાં પંચનામું કરી ત્યાર બાદ ઈવીએમ સીલ કરવામાં આવે છે. સીલ માર્યા બાદ તેને સ્પેશિયલ પ્રૂફ બેગમાં મુકીને તેને સરકારી બસોમાં સ્ટ્રોંગ રૂમ સુધી પહોંચાડવામાં આવે છે. જ્યાં સ્ટ્રોંગ રૂમમાં ચૂંટણી અધિકારી દરેક બૂથ અને વોર્ડ મુજબ ફાળવાયેલી ચોક્કસ જગ્યાએ મુકી દે છે. ત્યારબાદ સ્ટ્રોંગરૂમને સીલ કરવામાં આવે છે. આ સીલ પર તારીખ અને સમય લખેલો હોય છે.

સ્ટ્રોંગરૂમમાં કલેક્ટર પણ એકલા જઈ શકતા હોતા નથી. સ્ટ્રોંગરૂમની સિક્યુરિટી અંગે વાત કરીએ તો ત્રિસ્તરીય સુરક્ષા ગોઠવવામાં આવે છે. સ્ટ્રોંગરૂમ જે જગ્યાએ રાખ્યા હોય તેના પરિસરમાં રાઉન્ડ ધ ક્લોક મોનિટરિંગની સાથે રેકોર્ડિંગ થતાં સીસીટીવી કેમેરા, સીઆરપીએફ, એસઆરપી અને સ્થાનિક પોલીસ રાઉન્ડ ધ ક્લોક તૈનાત રાખવામાં આવે છે. સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવેલા ઈવીએમની સલામતીની વ્યવસ્થાનું નિરીક્ષણ દરરોજ કરવા માટે ચૂંટણીપંચ દ્વારા જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીને આદેશ કરવામાં આવ્યા છે. જેના પગલે સ્ટ્રોંગરૂમની મુલાકાત દરમિયાન કલેક્ટર અને ચૂંટણી અધિકારી દ્વારા ઈવીએમ મશીનોની વ્યવસ્થાની માંડીને સલામતી અને સીસીટીવી ચાલે છે કે નહીં તેનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર ઈવીએમ એક મહિના સુધી સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા છે.

# ગાંધીનગરમાં અખિલ ગુજરાત માલી-રામી સમાજ કર્મચારી સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા. ૬

અખિલ ગુજરાત માલી-રામી સમાજ કર્મચારી સંમેલનનું આગામી તા. ૨૫મી મે શનિવારના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં સમાજના સભ્યો જેઓ ભારત સરકાર અથવા ગુજરાત સરકારમાં ફરજ બજાવે છે અથવા ફરજમાંથી વય નિવૃત થયા છે તેઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર-અમદાવાદ ઝોનમાં ફરજ બજાવતા સમાજના કેન્દ્ર કે રાજ્ય સરકારના કર્મચારીઓએ સહ સંયોજકો નારણભાઈ ડી. સુંદેશાનો મો. નં. ૯૫૭૪૨૦૫૪૭૭ અથવા ગિરીશભાઈ સુંદેશાનો મો. નં. ૯૫૩૭૫૯૪૭૫૫ પર સંપર્ક સાધવા જણાવાયુ છે.




મહાકાલેશ્વર મહાદેવ મંદિર સમિતિ દ્વારા સે-૧ ખાતે ચાલી રહેલી ભારતી બાપુની વ્યાસપીઠે બેસાડેલી શિવકથામાં ભકતો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

## મોદીની જાહેરાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે આ ભીષણ તોફાન દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વચ્ચે ખૂબ શાનદાર સંકલન રહ્યું હતું. તેઓ પોતે પણ સ્થિતિ પર નજર રાખી રહ્યા હતા. આ ગાળા દરમિયાન જે રીતે ઓરિસ્સાના લોકોએ સરકારના નિર્દેશોનું પાલન કર્યું તે પ્રશંસાપાત્ર છે. મુખ્યમંત્રીની પ્રશંસા કરતા વડાપ્રધાને કહ્યું હતું કે મુખ્યમંત્રી નવિન પટનાયકે ખૂબ શાનદાર આયોજન કર્યું હતું. કેન્દ્ર સરકાર તેમાં સાથે રહીને તમામ ચીજોને આગળ વધારી રહી હતી. પીએમઓના સૂત્રોનું કહેવું છે કે મોદી ઓરિસ્સાની જેમ જ બંગાળમાં પણ ચક્રવાતી તોફાન ફેની બાદ ઉભી થયેલી સ્થિતિને લઈને સોમવારના દિવસે સમીક્ષા બેઠક યોજવા માટે ઉત્સુક હતા. આના માટે ત્યાની સરકારને પત્ર લખવામાં આવ્યો હતો પરંતુ રાજ્ય સરકારે જવાબમાં કહ્યું હતુ કે સરકારી અધિકારીઓ ચુંટણી ફરજમાં વ્યસ્ત થયેલા છે. જેથી સમીક્ષા બેઠક થઈ શકે તેમ નથી. સરકારી અધિકારીઓએ ફેની તોફાનથી ભારે નુકસાનની વાત કરી છે. એકલા ઓરિસ્સામાં ૩૮ લોકોના મોત થયા છે. તોફાનની ગંભીરતાને ધ્યાનમાં લઈને આ વખતે ખૂબ ઓછું નુકસાન થયું છે. આના માટે હવામાન વિભાગના ખૂબ શાનદાર વોર્નિંગ સિસ્ટમ, લાખો લોકોની સફળત હિજરતને પણ જવાબદાર ગણવામાં આવે છે. તોફાન ત્રાટકે તે પહેલા જ ૧૧ લાખ લોકોને સુરક્ષિત રીતે ખસેડી લેવામાં આવ્યા હતા. વોર્નિંગ સિસ્ટમ, લોકોને સુરક્ષિત રીતે ખસેડી લેવાની કામગીરી, કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સંકલન અને મોટા પ્રમાણમાં એનડીઆરએફની ટીમની તૈનાતીના કારણે આ બાબત શક્ય બની હતી.

## માર્ગ સુધારણા... ● છેલ્લા પાનાનું ચાલુ

શહેરમાં માર્ગ સુધારણાનુ કામ હજુ સુધી પુર્ણ થયુ નથી. અલબત્ત વાઈબ્રન્ટના અંતે માર્ગ સુધારણાની કામગીરી અટવાઈ છે. શહેરના ક માર્ગ સહીત મુખ્ય માર્ગોનુ પણ પેવર કામ તેમજ ગ માર્ગને વાઈડનીંગ કરવાની યોજના સંદર્ભે પણ આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી છે. અલબત્ત અગાઉ સે-૧ થી ૫ માં આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ અન્ય સેકટરો તેમજ જુના સેકટરોમાં હજુ આંતરિક માર્ગોના કામોનુ ઠેકાણુ પડ્યુ નથી. શહેરના સે-૬ થી ૮ માં રીંગ રોડનુ પણ નવિનીકરણ કરાયુ હતુ. જયારે હજુ આંતરિક માર્ગોની સુધારણા થઈ નથી. આ અન્વયે રજુ કરાયેલી દરખાસ્તને પણ મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં આ અન્વયે કામગીરી પણ હાથ ધરાશે.સે- ૬ થી ૮ માં સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે ખર્ચેને મંજુરી આપી દેવાઈ છે.જયારે આગામી મહીનામાં વર્ક ઓર્ડર પણ આપી દેવાશે. સે- ૬ થી ૮ ના માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે. શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી મામલે હજુ સેકટરોના આંતરિક માર્ગો તેમજ અન્ય રીંગ રોડ અને સેકટરોના આંતરિક માર્ગોના કામને મંજુરી આપવામાં આવી નથી. જુના સેકટરોની દરખાસ્ત અન્વયે પણ લાંબા સમયથી કોઈ નિર્ણય લેવાયો નથી. આગામી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે વિભાગ કક્ષાએથી મંજુરીના અંતે આયોજન કરાશે. જો કે ગરમીના દિવસો બાદ તુરંત જ વરસાદી ઋતુ શરૂ થવાની હોવાથી ચોમાસા દરમિયાન રસ્તાની કામગીરી ન થઈ શકતા આગામી ચોમાસાના અંતે બાકી રહેતી માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## વિમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ત્યારબાદ પ્લેનનું ઈમર્જન્સી લેન્ડિંગ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જોકે આમ છતાં પણ કેટલાક લોકોના જીવ બચાવી શકવામાં સફળતા મળી ન હતી.

એરપોર્ટના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે,કેટલાક લોકોએ વિમાનમાંથી બહાર નીકળવામાં પણ વિલંબ કર્યો હતો, કેમ કે તેઓ પોતાના સામાનને પણ સાથે લઈને ઊતરવા ઈચ્છતા હતા. આ વિલંબના કારણે પણ અમુક લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો. દુર્ઘટનાની તપાસ કરી રહેલી ટીમના પ્રવક્તા સ્વેતલાના પેટ્રેંકોએ હાલ ૪૧ લોકોનાં મૃત્યુની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે આ આંકડો હજુ વધી શકે છે.

મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. તપાસકર્તા અધિકારીઓનું કહેવું છે કે જ્યારે એરપોર્ટ પર સુખોઈ સુપરજેટ પેસેન્જર પ્લેનનું ઈમર્જન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું ત્યારે તેમાં કુલ ૭૮ પ્રવાસીઓ સવાર હતાં. રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ મામેલા લોકોનાં સ્વજનો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.

એરપોર્ટ પર આગનો ગોળો બની ગયેલા વિમાનનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં સાફ જોઈ શકાય છે કે વિમાન રન-વે પર લેન્ડ કરી રહ્યું છે અને વિમાનના પાછળના ભાગમાં ભયંકર આગ લાગી છે. યાત્રીઓ પોતાનો જીવ બચાવવા માટે આગળના ગેટમાંથી નીચે કૂદી રહ્યા છે તે પણ વીડિયોમાં દેખાય છે. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી પણ ત્યાં સુધીમાં તો વિમાન આખું સળગી ગયું હતું.

## મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્સાહ વચ્ચે સાત રાજ્યોને આવરી લેતી ૫૧ સીટ પર મતદાનની શરૂઆત થઈ હતી. પાંચમાં તબક્કામાં મતદાનની સાથે જ ભારતીય જનતા પાર્ટીના ૪૮ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પાંચમાં તબક્કામાં કુલ ૯૬૦૮૮ પોલિંગ બુથ પર મતદાન શરૂ થયા બાદ કેટલીક જગ્યાએ શરૂઆતમાં જ મતદાનની ગતિ સારી રહી હતી. લખનૌમાંથી કેન્દ્રિય પ્રધાન રાજનાથ સિંહ, જયપુર ગ્રામીણમાંથી રાજ્યવર્ધન સિંહ રાઠોર, અમેઠીમાંથી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પાંચમા તબક્કામાં યોજાનાન મતદાન વેળા કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે તમામ તૈયારી પહેલથી કરી લેવામાં આવી હતી. પ્રથમ ચાર તબક્કામાં ૩૭૩ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આજે પાંચમા તબક્કામાં વધુ ૫૧ સીટ મતદાન શરૂ થયુ હતુ. પાંચમાં તબક્કામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૪૨૫ સીટ પર મતદાનન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે બાકીના બે તબક્કામાં ૧૧૮ સીટ પર મતદાનની પ્રક્રિયા બાકી રહેશે. પાંચમા તબક્કાની ચૂંટણીમાં મેદાનમાં રહેલા ઉમેદવારો પૈકી ૧૫૦ ઉમેદવારો રાષ્ટ્રીય પાર્ટીઓના હતા. આવી જ રીતે ૩૧ ઉમેદવારો રાજ્ય સ્તરીય પક્ષોના હતા. ૨૪૦ ઉમદવારો નોંધાયેલા બિનમાન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોના હતા. પાંચમા તબક્કાં મેદાનમાં રહેલા ઉમેદવારોની શૈક્ષણિક યોગ્યતાની વાત કરવામાં આવે તો ૪૦ ટકા ઉમેદવારો ૧૨માં ધોરણ સુધી અભ્યાસ કરેલા છે. બાવન ટકા ઉમેદવારો સ્નાતક સુધી અભ્યાસ કરી ચુક્યા છે. ૪૩ ટકા ઉમેદવારો તો માત્ર સાક્ષર રહેલા છે.આવી જ રીતે પાંચમા તબક્કામાં મેદાનમાં રહેલા ઉમેદવારો પૈકી ૧૨૬ ઉમેદવારો પર અપરાધિક કેસ રહેલા છે. ૯૫ ઉમેદવારો પર ગંભીર અપરાધિક કેસ રહેલા છે.ઉત્તરપ્રદેશની જે ૧૪ સીટ પર મતદાન યોજાયું હતું તેમાં સીતાપુર, મોહનલાલ ગંજ, ફિરોજાબાદ, અમેઠી, લખનૌ, રાયબરેલી ફતેહપુર, બાંદા, બારાબંકી, કૌશાંબી, કેસરગંજ ગોન્ડા, બહરાઈચનો સમાવેશ થાય છે. ૨૦૧૪ની ચૂંટણીમાં કોંગ્રેસના ગઢ અમેઠી અને રાયબરેલીને છોડી દેવામાં આવે તો ભાજપે ૧૨ સીટો જીતી હતી.

## ક્લિનચીટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી અરજીમાં જુદી જુદી ફરિયાદો કરવામાં આવી હતી. ત્યારબાદ આ આરોપોમાં કોઈપણ આધાર મળી શક્યા નથી. સુપ્રિમ કોર્ટે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને જાતિય શોષણના ઘડી કાઢવામાં આવેલા બનાવટી આરોપોમાં ફસાવવાના પ્રયાસ કરનાર શખ્સની સામે સીબીઆઈને કેસ દાખલ કરવાના નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર હવે સુનાવણી થશે. મામલાને તરત લિસ્ટમાં કરવામાં આવ્યા બાદ સુનાવણી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે પહેલી મેના દિવસે ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ સુપ્રિમ કોર્ટની એક પૂર્વ મહિલા કર્મી દ્વારા તેમના પર મુકવામાં આવેલા શોષણના આરોપોની તપાસ કરી રહેલી ત્રણ સભ્યોની આંતરિક તપાસ પેનલ સમક્ષ ઉપસ્થિત થયા હતા. સૂત્રોના કહેવા મુજબ ચીફ જસ્ટીસને એક અનુરોધ પત્ર જારી કરીને તેમને સમિતિની સામે ઉપસ્થિત થવા કહેવામાં આવ્યું હતું. આજના ફેંસલાથી સીજેઆઈને આંશિક રાહત થઈ છે.

# ગઢડાનો ગઢ દેવપક્ષના હાથમાં

### હાઈવોલ્ટેજ ડ્રામા વચ્ચે યોજાયેલી ચૂંટણીની લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતગણતરી : દેવપક્ષ દ્વારા ભવ્ય ઉજવણી

ગઢડાના ગોપીનાથજી સ્વામિનારાયણ મંદિરની ૧૦ વર્ષ બાદ ગઈકાલે ભારે હાઈવોલ્ટેજ ડ્રામા વચ્ચે યોજાયેલી પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું આજે લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતગણતરી હાથ ધરાઈ હતી. જે દરમ્યાન આચાર્ય પક્ષ અને દેવપક્ષ એમ બંને પક્ષના હજારો હરિભકતો બહાર લાઈન લગાવીને પરિણામની રાહ જોઈને બેઠા હતા અને તે દરમ્યાન એક તબક્કે બંને પક્ષના હરિભકતો વચ્ચે બોલાચાલી અને સામાન્ય ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતા. જો કે, પોલીસે તાત્કાલિક પરિસ્થિતિ થાળે પાડી દીધી હતી. વહેલી સવારથી જ હરિભકતોની ભીડ મતગણતરી સ્થળની બહાર ઉમટી પડી હતી. બંને પક્ષ દ્વારા પોતપોતાની જીતના દાવા થતા રહ્યા હતા પરંતુ મોડી સાંજે ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણીના પરિણામોની જાહેરાત કરાઈ હતી અને દેવપક્ષને વિજયી ઘોષિત જાહેર કરાયા હતા. દેવપક્ષ દ્વારા પરિણામો જાહેર થયા બાદ ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી હતી. દેવપક્ષના હરિજીવન સ્વામીના હાથમાં હવે ગઢડા મંદિરના સત્તાના સુકાન આવે તેવી પૂરી શકયતા છે. ગઢડા ગોપીનાથજી મંદિર કમીટીની ચૂંટણીમાં એક બેઠક બિનહરિફ થતા ગઈકાલે છ બેઠક પર ચૂંટણી યોજાઈ હતી. ગઢડા ગોપીનાથજી મંદિર કમિટીની ચૂંટણીમાં બ્રહ્મચારી વિભાગમાં સંત ચંદ્રસ્વરૂપાનંદજી સ્વામી બિનહરીફ ઉમેદવાર હતા. ગઈકાલે કુલ ૨૭ બૂથ પર ૧૫ હજારથી વધુ મતદાર હરિભકતોએ મતદાન કર્યુ હતું. સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું, જે સાંજના છ વાગ્યે પૂર્ણ થયું હતું. સાંજે છ વાગ્યા સુધીમાં ૭૦ ટકા મતદાન નોંધાયું હતું. આચાર્ય પક્ષ અને દેવ પક્ષ વચ્ચે યોજાયેલા પ્રતિષ્ઠાભર્યા જંગમાં છેલ્લા એક કલાકમાં ભારે રસાકસી જોવા મળી હતી અને ભારે ઉત્તેજનાભર્યા માહોલ વચ્ચે ચૂંટણી સંપન્ન થઈ હતી. ત્યારબાદ આજે ખૂબ પ્રતિષ્ઠાભરી એવી આ ચૂંટણીની મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેની પર સમગ્ર રાજયના સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોની નજર હતી.